ગાંધીનગર સમાચાર

તા. ૬-૨-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સાતમું પગારપંચ : યુપીએ સરકારની મોંઘેરી ભેટ

અર્થશાસ્ત્રી વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે જતાં જતાં જશ ખાટવાની ઉમદા તક ઝડપી લઈને સાતમા પગાર પંચની જાહેરાત કરી દીધી છે. ગયા વર્ષે સપ્ટેમ્બર માસમાં જ આ પંચની રચનાને મંજૂરી આપી દીધી હતી અને હવે લોકસભાના અંતિમ સત્રની પૂર્વ સંધ્યાએ સરકારી કર્મચારીઓને માટે અલાદીનના ચિરાગ સમી આ લખલૂટ નાણાકીય બોજાવાળી યોજનાને એમણે મંજૂરીની મોહર મારી દીધી છે. નાણાંમંત્રાલય દ્વારા પંચની રચનાની વિધિવત જાહેરાત કરાઈ છે. સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ અશોક કુમાર માથુર પંચનું અધ્યક્ષપદ સંભાળનાર છે. પેટ્રોલિયમ વિભાગના સચિવ વિવેક રાય પંચના પૂર્ણકાલીન સભ્ય રહેશે. તદુપરાંત ઍનઆઈપીઍફપીના ડાયરેકટર રથિન રૉય પણ પંચના એક સભ્ય પદે સેવાઓ આપશે અને ખર્ચ વિભાગ (ઍકસપેન્ડિચર)નાં ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યૂટી મીના અગ્રવાલ પંચનાં સચિવ રહેશે. બે વર્ષમાં પંચ એનો અહેવાલ આપી દેશે જેનો અમલ પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી શરૂ થશે. આ સાતમા પગાર પંચથી કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના ૫૦ લાખ કર્મચારીઓ લાભન્વિત થશે. ૩૦ લાખ પેન્શનરોને એનો લાભ મળશે. સંરક્ષણ અને રેલવે ખાતાના કર્મચારીઓનો પણ આ લાભાર્થીઓમાં સમાવેશ થઈ જાય છે. છઠ્ઠા પગારપંચથી સરકારને ૨૦,૦૦૦ કરોડનો નાણાકીય બોજો વેઠવો પડયો હતો. સાતમું પગારપંચ દેખીતી રીતે જ કેન્દ્ર સરકારની કમ્મર તોડી નાખનારું હશે. મોંઘવારીના મુદ્દે ઘેરાયેલી યુપીએ સરકારે આ પગલું ભરીને કેન્દ્ર સરકારના કર્મચારીઓને રાજી કરવાનો અને આગામી લોકસભાની ચૂંટણીમાં એમનો સહયોગ મેળવવાનો સહેતુક ખેલ પાડ્યો છે. કેન્દ્ર સરકાર નવું વેતન પંચ નીમે અને એની ભલામણો મુજબ કર્મચારીઓને વેતન ચૂકવાતું થાય એના પગલે રાજય સરકારોને પણ પોતાના કર્મચારીઓના પગાર વધારવાની ફરજ પડતી હોય છે. જો રાજય સરકાર સમયસર નવાં પગાર ધોરણો ન અપનાવે તો વ્યાપક આંદોલનો અને હડતાલોનો દોર શરૂ થઈ જતો હોય છે. કેન્દ્ર સરકાર ફુગાવો નાથવામાં અને મોંઘવારી પર નિયંત્રણ લાદવામાં ધારી સફળતા મેળવી શકી નહીં હોવાથી હવે આવાં લોકપ્રિય (પૉપ્યુલિસ્ટ) પગલાં ભરશે એવી અપેક્ષા હતી જ. વિદાય લેતાં પૂર્વે અર્થશાસ્ત્રી વડાપ્રધાને અવનવી ખેરાતો શરૂ કરી છે. કુટુંબ દીઠ રાંધણ ગૅસના સબસિડીવાળા બાટલાની સંખ્યા ઘડાટીને નવ કરી દેવાઈ હતી, તેમાં ફેરફાર કરીને ફરી પાછા બાર બાટલાવાળી જૂની પ્રણાલી અમલી બનાવાઈ રહી છે. આધાર કાર્ડના આધારે સબસિડીની રકમ સીધી જ લાભાર્થીના બેંકખાતામાં જમા કરવાનો આદેશ પણ પાછો ખેંચી લેવાયો છે. તદુપરાંત સીઍનજી અને પીઍનજીના ભાવોમાં પણ ધરખમ ઘટાડાની જાહેરાત કરાઈ છે. યુપીએ-૨ સરકારના કાર્યકાળમાં થયેલી નાણાંકીય ગેરરીતિઓ અને તથાકથિત કરોડોનાં કૌભાંડોના પગલે પ્રજામત વર્તમાન સરકાર અને વિશેષપણે મુખ્ય રાજકીય પક્ષ કોંગ્રેસની વિરુદ્ધ જઈ રહેલો વરતાતાં હવે કોંગ્રેસ પક્ષના નવા કર્ણધાર રાહુલ ગાંધી ખોવાયેલી ઈજ્જત પાછી અંકે કરવા મથી રહ્યા છે. ભ્રષ્ટાચારી સાંસદોને બચાવતા સરકારી વટહુકમને કચરાપેટી ભેગો કરવાની વાત કર્યા પછી પ્રજામાં એમના તરફ સદ્ભાવની લાગણી પણ જન્મી છે. મોંઘવારીનો ઉકેલ આણવામાં મળેલી સરિયામ નિષ્ફળતા સામે હવે આ રીતે જુદા જુદા વર્ગોની આવક વધારવાના ઉપાયો યોજી તેઓ થઈ ચૂકેલું નુકસાન ભરપાઈ કરી આપવાની શુભચેષ્ટા દાખવી રહ્યા છે. જો કે એથી ફક્ત એક મર્યાદિત સંખ્યા ધરાવતા જનસમુદાયને જ સંતોષી શકાય એમ છે, છતાં પ્રવર્તમાન સંજોગોમાં પોતે પોતાનાથી બનતું કરી છૂટ્યાનો આત્મસંતોષ કોંગ્રેસની નેતાગીરી જરૂર લઈ શકશે. એથી પેલી 'બૂંદસે' ગયે.લી 'હૌજ સે' પાછી વળશે કે કેમ એ તો પ્રશ્ન ઊભો જ રહે છે. હજી આગામી દિવસોમાં વિવિધ કલ્યાણક યોજનાઓની જાહેરાત થવાની શકયતા છે જ. કોંગ્રેસની થિંકટેક ગણાતા જનાર્દન દ્વિવેદીએ એક ક્રાંતિકારી વિચાર વહેતો મૂકીને બધાંને ચોંકાવી દીધા છે. એમણે કહ્યું છે કે, ખરો રાષ્ટ્રનેતા તો એ ગણાશે જે રાષ્ટ્રને જાતિગત ભેદભાવોથી મુકત કરી શકશે. શું રાહુલ ગાંધી જાતિપ્રથા પર આધારિત અનામત પ્રથા રદ કરવાની અને આર્થિક પછાત વર્ગો પૂરતી જ અનામત નીતિ ઘડવાની જાહેરાત એમના ચૂંટણી ઢંઢેરામાં કરવાની હિંમત દાખવશે? જો એમ થશે તો કદાચ દેશની શિકલ બદલાઈ જશે અને ચૂંટણીના દિવસોમાં રાહુલ ગાંધી રાષ્ટ્રીય લોકનાયક તરીકે ઊભરશે. થોભો અને રાહ જુઓ!

# ફાઈનલ સી.એ. પરીક્ષા માટે દિલ્હી દ્વારા ગાંધીનગરને કેન્દ્ર ફાળવવામાં આવ્યું

## જિલ્લાના વિદ્યાર્થીઓએ અમદાવાદ જવાની જરૂર નથી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી ચાર્ટડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓને પોતાની ફાઈનલ પરીક્ષા આપવા માટે અમદાવાદ ખાતે લાંબુ થવું પડતું હોય છે. હજારો વિદ્યાર્થીઓને ગરમી હોય કે ઠંડી કે પછી વરસતો વરસાદ હોય પરીક્ષા આપવી જ પડતી હોય છે ત્યારે જિલ્લાના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર છે કે હવે ચાલુ વર્ષે ગાંધીનગર શહેરને કેન્દ્ર ફાળવતા વિદ્યાર્થીઓએ અમદાવાદ જવાની જરૂર રહેશે નહિ. આજે જિલ્લામાં હજારો વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માટે અમદાવાદ ખાતે અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અપડાઉનથી માંડીને પરીક્ષાના સેન્ટર સુધીની ચિંતાઓ કરતા હોય છે. ઘણા વિદ્યાર્થીઓ એવું ઈચ્છતા હોય છે કે મારો નંબર નજીકના સેન્ટર પાસે આવે તો આવવા જવામાં તકલીફ ન પડે.

ધી ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા નવી દિલ્હી દ્વારા લેવાનારી ચાર્ટર્ડ એકાઉન્ટન્સી માટેની કોમન પ્રો. ફિસયન્સી ટેસ્ટ (સી.પી.ટી.) ઈન્ટીગ્રેટેડ પ્રોફશનલ કોમ્પિટિશનર કોર્સ (આઈ.પી. સી.સી.) અને ફાઈનલ સી.એ. પરીક્ષાએ માટે ચાલુ વર્ષે મે ૨૦૧૪થી ગાંધીનગર શહેરને કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે.

શહેરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર છે હવે અપડાઉનમાં બગડતા સમયનો ઉપયોગ કરી પરીક્ષાની વધુ તૈયારી કરી શકાશે અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે આવા વિદ્યાર્થીઓએ ગાંધીનગર કેન્દ્રનો લાભ લેવા માટે જણાવવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




ગુજરાતમાં પુરુષોની હાલત વિષે તો કાંઇ કહો, બહેન...!!

# સી.એમ. પટેલ નર્સીંગ કોલેજમાં પ્રદર્શન યોજાયું

## કુદરતી અને માનવસર્જિત આફતોમાં નર્સની ભૂમિકા અંગે સુંદર રજૂઆત : વૃધ્ધોની સારસંભાળ જેવી બાબતો પણ સમાવી


ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની સુવિખ્યાત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૭થી ૨૯ જાન્યુઆરી દરમિયાન ત્રિદિવસીય એકઝીબિશનનું આયોજન કરાયું હતું. આ પ્રદર્શનમાં માનવસર્જિત તેમજ કુદરતી આફતો અને તેનો બચાવ તથા વૃધ્ધોની સમસ્યાઓ જેવી બાબતો આવરી લેવાઈ હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત છગનલાલ મફતલાલ પટેલ કોલેજ ઓફ નર્સીંગએ નર્સીંગ ક્ષેત્રે ગાંધીનગરમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી ખુબ જ જાણીતી સંસ્થા છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓને સર્વાંગી તાલીમ મળી રહે તે હેતુથી વારંવાર સંસ્થાના સંચાલકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ પોતાની જાતે ક્રિએટીવ એકટીવીટી દ્વારા તેમના અભ્યાસક્રમને વધુ સારી રીતે સમજ શકે તેમજ તેમની પ્રતિભાનો બહુમુખી વિકાસ થાય જે તેમની કારકીર્દી ઘડતરમાં ઉપયોગી બની શકે.

આવા જ ઉદ્દેશથી આ કોલજની વિદ્યાર્થીનીઓ દ્વારા ગત તા. ૨૭થી ૨૯ જાન્યુઆરી દરમિયાન એક ત્રિદિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ માનવસર્જિત કે કુદરતી આપત્તિ વખતે બચાવ કામગીરી તેમજ વૃધ્ધોની સમસ્યાઓ અને તેમની સારસંભાળ કેવી રીતે લેવી તે અંગેની વિવિધ બાબતોને સુંદર રીતે આવરી લેવાઈ હતી. કુદરતી આફતો જેવી કે ભૂકંપ, વાવાઝોડું, પૂર કે અન્ય આફતોમાં નર્સનું યોગદાન તેમજ તેમણે અસરગ્રસ્તોને આપવાની પ્રાથમિક સારવાર જેવી ખૂબ જ અગત્યની માહિતી અને મુદ્દાઓની રસપ્રદ રજૂઆત કરી હતી. આ ઉપરાંત વૃધ્ધોની સારવારમાં પણ નર્સનું મહત્વ જેમાં વૃદ્ધોની સમસ્યાઓને સમજવી અને તેનું નિવારણ કરી તેમની સારસંભાળ યોગ્ય રીતે લેવી તે અંગે પણ રોચક બાબતો આવરી લેવાઈ હતી.

આ પ્રશંસનીય પ્રદર્શનની મુલાકાત ગાંધીનગર અને અમદાવાદની તમામ નર્સીંગ કોલેજોના વિદ્યાર્થીઓએ લીધી હતી અને પ્રદર્શન જોઈને તેઓ અભિભૂત થઈ ગયા હતા. આ પ્રદર્શન તૈયાર કરવામાં વિદ્યાર્થીઓને પ્રાધ્યાપિકા પ્રેક્ષા પટેલ અને પ્રાધ્યાપિકા દીપલ પટેલે જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરું પાડયા હતા તેમજ કોલેજના આચાર્યા, ઉપ આચાર્યા, કેમ્પસ ડાયરેકટર અને કર્મચારીગણે પણ પુરતો સહયોગ આપ્યો હતો.



'મારો રાવણહથ્થો બોલે રે...' આ પંકિત કવિએ રચી ત્યારે કલ્પના જુદી હશે. પરંતુ આજ 'રાવણહથ્થા' વાળાઓની કલા ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. આપણી પુરાતન સંસ્કૃતિનું આ વાજીંત્ર હવે હાથ લંબાવી ભીખ માંગવાનું સાધન બની ગયું છે. રાવણહથ્થો વગાડનારાઓ કયાં સુધી આ કલાને સાચવી રાખશે એ ચિંતાજનક છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ફર્સ્ટ યર MBBSનું ૬૫.૨૨ ટકા રિઝલ્ટ જાહેર કરાયુ છે

અમદાવાદ, તા.૫

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી-૨૦૧૪માં લેવાયેલ એમબીબીએસના પહેલા વર્ષની પરીક્ષાનું ૬૫.૨૨ ટકા પરીણામ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત નવેમ્બરમાં લેવાયેલ બીકોમ સેમેસ્ટર પાંચનું ૭૫.૧૮ ટકા, એમકોમ સેમેસ્ટર-૩ (એકસ્ટર્નલ)નું ૯૧.૩૪ ટકા અને એમએસસી સેમેસ્ટર-૩ (એકસ્ટર્નલ)ની પરીક્ષાનું ૯૨.૨૬ ટકા જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી-૨૦૧૪માં એમબીબીએસનાં પહેલા વર્ષની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યું છે. કુલ ૨૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે જ્યારે ૬૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ ઉપરાંત એક વિદ્યાર્થીનું પરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યું છે. આમ એમબીબીએસના પ્રથમ વર્ષ સરેરાશ ૭૫.૧૮ ટકા પરીણામ જાહેર કરાયું છે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા નવેમ્બર-૨૦૧૩માં લેવાયેલ બીકોમ સેમેસ્ટર-૫ની પરીક્ષાનું પરીણામ જાહેર કરાયું છે. જેમાં કુલ ૨૫૬૮૮ વિદ્યાર્થીઓએ આપી હતી. જેમાંથી ૫૮૫ વિદ્યાર્થીઓ ડિસ્ટ્રીકશન, ૩૯૨૧ વિદ્યાર્થીઓ ફર્સ્ટકલાસ, ૧૦૦૫૪ વિદ્યાર્થીઓ સેકન્ડ કલાસ અને ૪૫૦૩ વિદ્યાર્થીઓ પાસ કલાસ મેળવવામાં સફળ રહ્યા છે જ્યારે ૬૨૬૮ વિદ્યાર્થીઓ નાપાસ થતાં સરેરાશ ૭૫.૧૮ ટકા પરીણામ જાહેર કરાયું છે. આ ઉપરાંત એમકોમ સેમેસ્ટર-૩ એકસ્ટર્નલ પરીક્ષાનું પરીણામ ૯૧.૩૪ ટકા અને એમએસસી સેમેસ્ટર-૩ની એકસ્ટર્નલ પરીક્ષાનું ૯૧.૨૬ ટકા પરીણામ જાહેર કરાયું છે. એમકોમ સેમેસ્ટર-૩માં ૨૪૭૭માંથી ૨૨૦૫ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે જયારે એમએસસી સેમેસ્ટર-૩માં ૧૧૦૬માંથી ૧૦૦૨ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે.

# મધ્યાહન ભોજન યોજનાની ગુણવત્તાને સુધારવા તૈયારી

## સરકારી મંત્રીઓની એક વિશેષ ટીમની રચના કરવાની તૈયારી : બિન આરોગ્યપ્રદ ભોજનને લઈને પ્રશ્નો ઉઠ્યા

અમદાવાદ, તા.૫

કેન્દ્ર સરકાર દ્વારા સરકારી શાળાઓમાં આપવામાં આવતા બપોરના ભોજનની ગુણવત્તામાં સુધારો કરવા માટે પાંચ ગર્વમેન્ટ મિનિસ્ટરોની બનેલી ટીમની રચના કરવામાં આવી છે. જે મીડ-ડે-મિલની ગુણવત્તામાં સુધારો કરવાનું કામ કરશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે જુલાઈ ૨૦૧૩માં બિહારની એક શાળામાં બપોરનું ભોજન આરોગ્યા બાદ ૨૬ બાળકોના મૃત્યુ નિપજ્યા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશમાં મિડ-ડે-મિલ યોજના અંતર્ગત ૧૧૦ મિલિયન બાળકોને શાળામાં બપોરનું ભોજન આપવામાં આવે છે અને આ યોજના પાછળ વાર્ષિક રૂપિયા ૧૩,૨૧૫ કરોડ ખર્ચવામાં આવે છે. આ અંગે સરકારી વિભાગો જેવા કે રૂરલ ડેવલપમેન્ટ, પંચાયત રાજ, હેલ્થ, વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ અને ડ્રિન્કીંગ વોટરની તાજેતરમાં એક બેઠક મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના માટે ફળવાયેલ રૂપિયા ૧૩,૨૧૫ કરોડના બજેટનો ઉપયોગ કરી આ યોજનાના ભાગરૂપે એચઆરડી મંત્રાલય દ્વારા રૂરલ ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીની એક ટીમ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંગે સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

આ ઉપરાંત પણ મિડ-ડે-મિલ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી ઈન્ફસ્ટ્રક્ચરનો વિકાસ કરવા ઉપર ભાર મુકવામાં આવશે જ્યારે આ અંગે જરૂરી રેગ્યુલર હેલ્થ ચેકઅપ અને ભોજન બનાવવામાં વાપરવામાં આવતાં સાધનોની ચકાસણી કરવા અંગેનું પણ આયોજન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પણ મિડ-ડે યોજનામાં અનેક વખત સડેલા અનાજ અને શાકભાજીમાં ઈયળો મળી આવ્યાની ફરીયાદો સામે આવી છે.

# ઇતિહાસ રાષ્ટ્રની જીવનશક્તિ છે, વર્તમાનનો ધબકાર છે અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણનું પ્રેરક બળ છે, રાષ્ટ્રના આત્માનાં દર્શન તથા તેના શરીરની રચનાનું જ્ઞાન ઈતિહાસ દ્વારા જ સંભવ છે

## વિષયથી પર - એવું વિવિધ વિષયોનું શિક્ષણ

- હર્ષદ પ્ર. શાહ

વિદ્યાલયોમાં (સ્કૂલમાં) અનેક વિષયો ભણાવાય છે- ઈતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, વૈદિક ગણિત, જીવવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર વગેરે...

પણ આ બધા વિષયો પાઠ્યપુસ્તકનાં પાનામાં સમાઈ જાય છે. પાઠ્યપુસ્તકની બહાર પણ એ વિષયોનું અગાધ જ્ઞાન આંટાફેરા મારે છે, પણ એ અંદર પ્રવેશ શકતું નથી. કારણ કે બધું પરીક્ષામાં પૂછવાપાત્ર નથી! ભણાવનાર શિક્ષક પણ એ પુસ્તકોના સીમાડા ઓળંગીને કયાંય જતા નથી. જવું પણ શી રીતે? કેટકેટલાં એ સુનિશ્ચિત.. એની ઉપર વાલીઓની નજર, પ્રિન્સિપાલનો જાપ્તો, વળી દર અઠવાડિયે ટેસ્ટ! એનાં પ્રશ્નપત્રો તપાસવાનાં, પરિણામ આપવાનું, વિદ્યાર્થીઓને ન આવડતું ફરી સમજાવવાનું, પુનરાવર્તન કરવાનું, ફરી નવું પ્રશ્નપત્ર તૈયાર કરવાનું. આ બધી માયાજાળમાં વિદ્યાર્થી અને શિક્ષક બંને અટવાયા છે. વિદ્યાર્થીને તો રોજ સવાર પડે ને ટ્યુશનની ભરમાર, અહીંથી તહી દોડાદોડ, ન નાસ્તાનું ઠેકાણું ન ભોજનનું. એક મિનિટ બગાડવી પોસાય નહીં, એક પળનો વિરામ નહીં, શ્વાસ લેવા જેટલોય શૂન્યાવકાશ નહીં, રમવાનું તો નામનિશાન નહીં.. આખો દિવસ દોડાદોડ જ કર્યા કરવાની, પછી રમવાની શી જરૂર? શરી માયકાંગલું, નાનપણથી જ આંખે ચશ્મા, મન હરહંમેશ ઉદ્વિગ્ન... ને આ બધું ઓછું હોય તેમ સતત માતા-પિતાની રોકટોક!

જાણે વિદ્યાર્થી અને શિક્ષક પકડદાવ ન રમતા હોય! શિક્ષક વિદ્યાર્થીની કસોટી લે અને વિદ્યાર્થી શિક્ષકની! કોઈ આમન્યા નહીં, વિનય-વિવેક નહીં... દેખાય કેવળ સ્વચ્છન્દતા, ઉચ્છૃંખલતા, અનુશાસન હીનતા, નાનપણથી કેટલાય વિદ્યાર્થીઓ વ્યસનમાં સપડાય, કુમાર્ગે-કુછંદે ચડે, ખોટું બોલે, ચિઠ્ઠા- ચિઠ્ઠીની મદદથી પાસ થાય.

આવું ચિત્ર જોવાથી બધાની આંખો અને બધાનું મન ટેવાઈ ગયાં છે. કોઈને કંઈ અજુગતું લાગતું નથી. આમ જ હોય, આમ જ ચાલે... ઈષ્ટ કે સમગ્ર પરિવર્તનની કોઈ તક નહીં. કારણ કે એવી પહેલ વળી કોણ કરે? મેદાનમાં પડવાનો સમય કોને છે? વળી એ માટે તો દર્શન (Vision), સાહસ અને પરિશ્રમનું ભાથું હોવુ જોઈએ. એ વળી ક્યાંથી લાવવું? 'M.A. with Gujarati' પાઠયક્રમ સિવાય કંઈ પણ નવું ઉપાર્જિત કરવાનો સમય જોઈએ ને? તમારામાં ગોખવાની ને ગોખાવવાની તાકાત જોઈએ. સમજાય નહીં તો કંઈ નહીં. આખુ વર્ષ જે ભણ્યા, જે ગોખ્યું તે પરીક્ષાના ત્રણ કલાકમાં ઓકી નાખવાનું. છેવટે તો ટકા જ કામ લાગવાના છે ને? એમ.એ. વીથ ગુરાજી થયેલા ગુજરાતી સાક્ષર શિક્ષકને કક્કોડ નથી આવડતો હોતો. કક્કામાં વ્યંજનો ડિસ્કો કરે એની વૈજ્ઞાનિક ગોઠવણ અને ક્રમ કેટલાયને યાદ ન હોય, ખબર પણ ન હોય, ઈન્ટરવ્યૂમાં પૂછીએ તો કહે, 'સાહેબ! ભણ્યાને બહુ વરસ વીતી ગયાંને તેથી યાદ નથી.'

સ્વાધ્યાય અને અધ્યયન શીલતાનો સદંતર અભાવ પ્રવર્તે છે. કંઈપણ નવું જાણવાની જિજ્ઞાસા શેષ નથી. શિક્ષકનું આવું ચિત્ર ઊંડી વ્યથા જન્માવે છે. અસહનીય વેદના થાય છે. ખરેખર તો જેણે વિદ્યાર્થીને જે કંઈ આપવાનું છે તેના કરતાં અનેકગણું ભાથું એની પાસે હોવું જોઈએ. પોતાના વિષય પર એટલી પકડ જમાવવી જોઈએ કે પુસ્તક વિના જ સરસ ભણાવી શકાય. પોતાના જ્ઞાનથી ને અભિવ્યક્તિથી વિદ્યાર્થીઓનાં મન- હૃદય પર પકડ જમાવવી જોઈએ. શિક્ષકની નસે નસમાં શિક્ષણની ચેતનાનો સંચાર હોય.

ઉપરોક્ત વિષયો ભણાવતી વખતે કેટલું અને કેવું વધારાનું ભણાવી શકાય, વિષયના પ્રવાહમાં વણી શકાય એ જોવાનું શિક્ષકનું કામ છે. વિષયને રુચિકર રીતે અને સમગ્રતાથી ભણાવવો એમાં જ શિક્ષકની કુશળતા છે. અહીં આ બધા વિષયોને સમૃદ્ધ બનાવવા કેવો અભિગમ વિકસિત કરી શકાય તેની પ્રતિકરૂપ કેટલીક વાતો જણાવી રહ્યો છું. -

*(૧) ઈતિહાસ :-*

દરેક વ્યક્તિ જેમ પોતાની પેઢીઓ, પૂર્વજો અને કુટુંબ વિશે જાણતી હોય છે તેમ દરેક પોતાના રાષ્ટ્રનો ઈતિહાસ જાણવો જોઈએ. ઈતિ-હ-આસ એટલે હા, ખરેખર એમ હતું- એવું શાસ્ત્ર એટલે ઈતિહાસ.

ઈતિહાસ વિશે આપણાં શાસ્ત્રોએ કહ્યું છે-

*ધર્માર્થકામમોક્ષાણામુપદેશ સમન્વિતમ્ ।*
*પૂર્વવૃત્તં કથાયુક્તં ઈતિહાસ પ્રચક્ષતે ॥*

ઈતિહાસ એને કેહવાય, જેમાં ભૂતકાળનું વૃત્ત હોય.. કથાઓ હોય.. પરંતુ એ બધું હોય ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ઉપદેશ સાથે...

ઈતિહાસ રાષ્ટ્રની જીવનશક્તિ છે, વર્તમાનનો ધબકાર છે અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણનું પ્રેરક બળ છે. રાષ્ટ્રના આત્માનાં દર્શન તથા તેના શરીરની રચનાનું જ્ઞાન ઈતિહાસ દ્વારાજ સંભવ છે. જો ઈતિહાસને વિકૃત કરી નાખવામાં આવે તો રાષ્ટ્ર નિર્બળ બની જાય છે.

ઈતિહાસ મનુષ્યને રાષ્ટ્રના ગૌરવવંતા સાથે અને દેશની માટીની મહેક સાથે જોડે છે. રાષ્ટ્રના મહાન પૂર્વજો અને એમના સામાજિક, રાષ્ટ્રીય અને શૈક્ષણિક પ્રદાનથી પરિચિત કરાવે છે.

અંગ્રેજો અને સામ્યવાદીઓએ આપણા રાષ્ટ્રના ઈતિહાસને વિકૃત કરી નાખ્યો.ઈતિહાસ તો રાષ્ટ્રનું દર્પણ છે. એ અત્યારે સ્વચ્છ નથી માટે જ આપણે આપણને જોઈ શકતા નથી અને સ્વત્વનો સાક્ષાત્કાર કરી શકતા નથી.

એમણે ઐતિહાસિક ભ્રાંતિઓ સર્જી અને આ રાષ્ટ્રનું ઈતિહાસ સત્ય આ રાષ્ટ્રના પુત્રોને સમજવા ન દીધું. આથી રાષ્ટ્ર નબળું પડ્યું.

ઈતિહાસની આવી ભ્રાંતિઓ છે-

- આ એર રાષ્ટ્ર નથી. મિલીજુલી સંસ્કૃતિઓ ધરાવતું ખીચડી રાષ્ટ્ર છે.

- આ પ્રાચીન- રાષ્ટ્ર નથી, ઊગતું રાષ્ટ્ર છે.

It is a Nation in making.

- આર્યો બહારથી આવ્યા. (વાસ્તવમાં 'આર્ય' એ ગણવાચક સંજ્ઞા છે, જાતિવાચક નહીં. આર્યોથી છવાયેલું 'આર્યવર્ત' વિશાળ વૈદિક રાષ્ટ્ર હતું. કોઈ સીમાઓથી સંકોચાયેલું ન હતું.)

(૨) ભૂગોળ :-

ભૂ- ભૂમિ રચનાનું જ્ઞાન એટલે ભૂગોળ.

શું આ વિષય અંતર્ગત વિદ્યાર્થીને દશે દિશાનું વ્યાવહારિક જ્ઞાન આપી શકીએ? પૃથ્વી ગોળ છે... એને ખૂણા નથી. શું આપણે આપણા ખૂણા ઘસી શકીએ?

'માતા ભૂમિઃ પુત્રોઽહં પૃથિવ્યાઃ ।।' અર્થવેદના પૃથ્વીસૂકતની આ સુક્તિ દ્વારા આ ભૂમિ સાથે આપણો માત-પુત્રનો ભાવાત્મક સંબંધ સમજાવીને માતૃભૂમિ સાથેનું બંધન અતૂટ ન બનાવી શકીએ?

સમગ્ર વિશ્વને સ્નેહના સૂત્રમાં બાંધતું ભારતનું તત્વ ચિંતન છે.- વસુધૈવ કુટુમ્બકમ્। વિદ્યાર્થીને ભૂગોળ શીખવતાં શીખવતાં શું વસુધાપ્રેમ ઉત્પન્ન ન કરી શકાય? ભૂગોળની ઉચ્ચતમ આત્મિક સ્થિતિનું પરિચાયક એવું આ સૂત્ર ભારતની મોટામાં મોટી વિશેષતા છે. આથી વિદ્યાર્થીની વૈચારિક ક્ષિતિજ વ્યાપક બનશે. ભૂગોળમાં શંકરાચાર્યની પદયાત્રા વણી લેવાથી અને ચાર ધામની વાતો સમાવી લેવાથી ભૂગોળ તો સમજાશે, પણ સંસ્કૃતિ પણ સમજાશે. ભારતના માનચિત્રનો સુંદર રીતે પરિચય કરાવવાથી રાષ્ટ્રની પ્રાકૃતિક સીમાઓનો અને દિગ્વિજયી સંસ્કૃતિનો પરિચય થશે.

-ભૂગોળ એટલે ધરતીના પરિચયનું શાસ્ત્ર અને ખગોળ એટલે આકાશ- અવકાશના પરિચયનું શાસ્ત્ર. ખગ એટલે આકાશ. આમ ભૂગોળ ભણવાનું ગમશે અને ખગોળ માટે જિજ્ઞાસા ઉત્પન્ન થશે.

(૩) નાગરિક શાસ્ત્ર : -

સમાજજીવનને અનુશાસિત અને સુદૃઢ બનાવવામાં નાગરિક શાસ્ત્રનો મહત્વનો ફાળો હોઈ શકે. નાગરિક શાસ્ત્ર શીખવતી વખતે આપણા મૂળભૂત અધિકારોની વાતો કરીશું કે આપણાં મૂળભૂત કર્તવ્યોની? નાગરિકનું અને સમાજનું તાદાત્મ્ય સધાય એવો આકાર આ શાસ્ત્રને આપવો જોઈએ અને છેવટે નાગરિકને સમાજ સાથેના અંગાંગીભાવની અનુભૂતિ કરાવવી જોઈએ. 'બિન્દુમાં ગુણ મહાસિન્ધુનો..' એ અવધારણા પ્રત્યેક નાગરિકની જો સ્પષ્ટ થશે તો વિરાટના અંશ હોવાનું ગૌરવ અને સાર્થક્ય એને સમજાશે. કેવળ કાયદા-કાનૂનની માયાજાળ એટલે નાગરિક શાસ્ત્ર નહીં, પણ પરિવાર ભાવથી લચીલા અનુશાસનનો આધાર લઈને સમાજને સુદૃઢ બનાવવાનું કામ નાગરિક શાસ્ત્ર દ્વારા થાય એ અપેક્ષિત છે. *(અપૂર્ણ...)*